**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૦૪/૨૦૧૬ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૧૫૨ લીટર દેશી દારૂ, ૩ બિયર ટીન અને મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૪,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૮૩/૧૬**

**ગોમતીપુરઃ** પુજાબહેન નાગરાજ કન્નડ (ઉ.વ.૧૫) (રહે.પીડી ચાલી વિજય પેટ્રોલપંપ પાસે રખિયાલ રોડ ગોમતીપુર) ને તા.૧૧/૪/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી એજાજ ઉર્ફે બબલુ મકબુલ અંસારી (રહે.ચંદુલાલ પટેલની ચાલી મોનોગ્રામ મીલ પાછળ રખિયાલ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનના પિતા નાગરાજ અંસારીએ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૮૪/૧૬**

**ઘાટલોડીયાઃ** સ્મીથ સુધીરકુમાર તલાટી (રહે.અર્જુનટાવર સીપીનગર વિભાગ-૨ની પાસે ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૪/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૦૪/૧૬ સવારના ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાની **દુકાનના શટરના નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રેડિમેઈડ જીન્સ પેન્ટ, ટી-શર્ટ, શર્ટ, પર્ફ્યુમ, બોડીસ્પ્રે અને સી.સી.ટી.વી કેમેરાનુ ડીવીઆર મળી કુલ કિમત રૂપિયા ૮૭,૫૦૦/- મત્તાની ચોરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.**

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૫/૧૬**

**મણીનગરઃ** કલ્પિતાબહેન રાકેશભાઈ અમીન (રહે. સંતરામ ફ્લેટ વિશ્વકુંજ કોલોની જુના ઢોર બજાર મણીનગર) તા.૧૨/૪/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે મણીનગર રામબાગ ચાર રસ્તા આગળ એસ જે હાઉસ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કલ્પિતાબહેનના ગલામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કલ્પિતાબહેન અમીને મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એમ એમ તેજોત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૮૬/૧૬**

**જે ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** તા.૧૨/૪/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલ નજીક ટ્રક નંબર જીજે ૧૮ એ એક્સ ૬૫૮૪ ના ચાલક ભૈદ્રસિંગ લાલસિંગ સિસોદીયા (રહે.ગામ દિપોલો તાલુકો ભીમ રાજસ્થાન) એ ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ૩૫ વર્ષના અજાણ્યા પુરૂષને ટક્કર મારતા અજાણ્યા પુરૂષને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જે ડીવીજન ટ્રાફીક પોલીસે ગુનો નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી એ વી રાજગોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૮૭/૧૬**

**સાબરમતીઃ** (૧) ભીખાભાઈ ઉર્ફે કાળુ પોપટભાઈ પટણી (ઉ.વ.૨૨) (રહે. સાબરમતી ટોલનાકા ભીલવાસ કૈલાસનગરના છાપરાં સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૧/૪/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે શર્ટનુ કાપડ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઈ વિઠ્ઠલભાઈ ચલાવે છે.

**સાબરમતીઃ** (૨) આશિષભાઈ વાસુભાઈ પટેલ (ઉ.વ.૨૮) (રહે. કૃષ્ણમ સ્ટેટસ ફ્લેટ આનંદપાર્ટી પ્લોટની સામે ન્યુ રાણીપ) એ પત્ની રીસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૨/૪/૧૬ નારોજ પોતાના ઘરે છતના પંખાના હુકમાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મનુજી કાળુજી ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટઃ** (૧) પ્રકાશભાઈ ભીમાભાઈ પરમાર (ઉ.વ.૨૪) (રહે.ગરીબનગર જોગણી માતાના મંદિર સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૪/૧૬ કલાક ૮/૨૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટ એન આઈ ડી પાછળ વોક વે ઘાટ નં.૩ નજીક, નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ પોપટસિહ ચલાવે છે.

(૨) અસ્લમ હમીદભાઈ મનસુરી (ઉ.વ.૨૩) (રહે.અલફલા રો હાઉસ વટવા) એ અગમ્ય કારણસર તા.૧૨/૪/૧૬ કલાક ૯/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટ નહેરૂબ્રીજ નીચે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ પોપટસિહ ચલાવે છે.

**રીવરફ્રંટ ઈસ્ટઃ** દિનેશભાઈ નરસિહભાઈ બારોટ (ઉ.વ.૨૮) (રહે.રામાપીરનો ટેકરો નટવાસ ચામુંડા માતાના મંદિર સામે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૨/૪/૧૬ કલાક ૮/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટ દધીચીબ્રીજ ઘાટ નંબર-૫ નજીક, નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગનપતભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)